# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-04-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

*****************************************************

1) પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કાની 142 બેઠક માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ - સરેરાશ 92.46 ટકા મતદાન નોંધાયું.

2)ઉત્તરપ્રદેશને એક છેડેથી બીજા છેડે જોડતા ગંગા એક્સપ્રેસ-વેનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્ઘાટન.

3)પશ્ચિમ એશિયામાં બદલાતી સ્થિતિ વચ્ચે દેશમાં ઘરેલું LPGનો પૂરવઠો વિક્ષેપ વગર સરળતાથી યથાવત્ હોવાની સરકારની ખાતરી.

4)કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રીએ પૂર્વ સમર્પિત ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પર 24 કલાક પેટ્રોલિંગ અને ડ્રોનથી દેખરેખ વધારવાની વ્યાપક યોજનાની જાહેરાત કરી.

5)IPL ક્રિકેટમાં મુંબઈ ઇન્ડિયન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો.

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# WB SECOND PHASE ELE

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કામાં 142 બેઠક માટે આજે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું. સવારથી જ મતદાન કેન્દ્રો પર મતદારોની લાંબી કતાર જોવા મળી. આજે મોટી સંખ્યામાં મહિલાઓ પણ મતદાન કરવા મતદાનમથકે પહોંચી હતી.

ચૂંટણી પંચના જણાવ્યા મુજબ, સાંજે પાંચ વાગ્યા સુધીમાં અંદાજે 89.99 ટકા મતદાન નોંધાયું. જ્યારે સૌથી વધુ 92.46 ટકા મતદાન પૂર્વ વર્ધમાન, નાદિયામાં 90.28 ટકા, ઉત્તર કોલકાતામાં 87.77, દક્ષિણ કોલકાતામાં 86.11 ટકા મતદાન થયાના અહેવાલ છે. મતદારોની આ ભાગીદારી લોકોની સક્રિયતા અને ચૂંટણી માટેના ઉંડા રસને દર્શાવે છે.

# REV EVE WB ELECTION

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી માટે આજે બીજા અને અંતિમ તબક્કાના મતદાન થયું. દરમિયાન ભવાનીપુર વિધાનસભા મતવિસ્તાર હેઠળના એકબલપુરમાં ભાજપના નેતા સુવેન્દુ અધિકારીને નિશાન બનાવીને સૂત્રોચ્ચાર કરાયા હોવાના પણ અહેવાલ છે. જોકે, પોલીસ અને કેન્દ્રીય દળોએ સમગ્ર પરિસ્થિતિને કાબૂમાં લીધી. તૃણમૂલ કૉંગ્રેસનાં વડાં મમતા બેનરજીએ પણ એકબલપુરની મુલાકાત લીધી હતી.

બીજી તરફ, ભાજપે ફાલ્ટા મતવિસ્તાર હેઠળના કેટલાક બૂથ પર ફરીથી મતદાન કરાવવાની માગ કરી છે. કેટલાક EVM મશીન્સમાં ભાજપના ઉમેદવાર સામેના બટનને સેલોટેપથી ઢંકાયા હોવાનો ભાજપે આક્ષેપ લગાવ્યો હતો. જ્યારે ચૂંટણીપંચે જણાવ્યું, હાલ આ આક્ષેપની તપાસ ચાલી રહી છે. તપાસ બાદ જરૂરી કાર્યવાહી કરાશે તેમ પણ પંચે જણાવ્યું.

# REV PM HARDOI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશના હરદોઈ જિલ્લામાં 594 કિલોમીટર લંબાઈના ગંગા એક્સપ્રેસ-વેનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, જે રીતે ગંગા હજારો વર્ષોથી ઉત્તરપ્રદેશની જીવનરેખા રહી છે. તે જ રીતે આ એક્સપ્રેસ-વે પણ રાજ્યના વિકાસની નવી જીવનરેખા બનશે. શ્રી મોદીએ આ માળખાકીય સુવિધા દેશના ઝડપી વિકાસ અને મહત્વાકાંક્ષાને દર્શાવે છે તેમ જણાવ્યું.

શ્રી મોદીએ ગંગા એક્સપ્રેસ-વે ઉત્તરપ્રદેશને એક છેડાથી બીજા છેડા સુધી જોડશે, જેનાથી પ્રાદેશિક સંપર્કમાં નોંધપાત્ર પરિવર્તન આવશે તેમ પણ ઉમેર્યું.

(BYTE: PM NARENDRA MODI) – GANGA EXPRESS WAY

ગંગા નદીના ઐતિહાસિક મહત્વનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ આવી પરિયોજનાઓ ઉત્તરપ્રદેશના વિકાસને ગતિ આપવા અને ભારતના ઉજ્જવળ ભવિષ્યમાં યોગદાન આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો.

# REV PM VISHWANATH TEMPLE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સવારે શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં દર્શન કર્યા. તેમણે ગર્ભગૃહમાં 20 મિનિટ સુધી પૂજા-અર્ચના કરી હતી. મંદિરથી બહાર આવ્યા બાદ ભાજપના નેતાઓએ શ્રી મોદીને ત્રિશુળ અને ડમરું ભેટમાં આપ્યા. પ્રધાનમંત્રીએ મંદિર પરિસરમાં ઉપસ્થિત કેટલાક શ્રદ્ધાળુઓ સાથે સંવાદ પણ કર્યો હતો.

# PM ARTICLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં મહિલા રોજગાર દરમાં નોંધપાત્ર વૃદ્ધિનો ઉલ્લેખ કરતા કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાના એક અહેવાલને શૅર કર્યો. એક સોશિયલ મીડિયા સંદેશમાં પ્રધાનમંત્રીએ મહિલા રોજગાર દર વર્ષ 2017ના 22 ટકાથી વધીને વર્ષ 2025માં 39 ટકા થવાનું સ્વાગત કર્યું.

# BUDDHA RELICS LEH

ભગવાન ગૌતમ બુદ્ધના પવિત્ર અવશેષ આજે લદ્દાખ પહોંચાડાયા છે, જ્યાં આવતા મહિનાની એકથી 15 તારીખ સુધી આ અવશેષનું પ્રદર્શન કરાશે. લદ્દાખના ઉપ-રાજ્યપાલ વિનયકુમાર સક્સેનાએ વરિષ્ઠ અધિકારીઓ અને સુરક્ષા દળોની સાથે વાયુસેના વિમાનમથક પર અવશેષોનું સ્વાગત કર્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

-----------------------------------------------------------------------------

# GOVT WEST ASIA BRIEFING

પશ્ચિમ એશિયામાં સતત બદલાતી સ્થિતિ વચ્ચે સરકારે આજે દેશભરમાં ઘરેલું LPGનો પૂરવઠો કોઈ પણ વિક્ષેપ વગર સરળતાથી યથાવત્ હોવાની ખાતરી આપી છે. નવી દિલ્હીમાં આંતર-મંત્રીસ્તરીય સમીક્ષાની માહિતી આપતાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયનાં સચિવ સુજાતા શર્માએ કહ્યું, દેશમાં LPG વિતરકો પાસે LPGની અછતના કોઈ અહેવાલ નથી. ઑનલાઈન LPG બૂકિંગ અને ડિલિવરી પ્રમાણિકરણ કોડ આધારિત ઘરેલુ LPGનો પૂરવઠો પણ અત્યાર સુધી સૌથી ઉચ્ચ સ્તર પર હોવાનું સુશ્રી શર્માએ ઉમેર્યું.

(BYTE: SUJATA SHARMA)

દરમિયાન બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રાલયનાં અધિક સચિવ મુકેશ મંગલે તમામ ભારતીય બંદરો પર કામગીરી સામાન્ય હોવાનું જણાવ્યું.

# FACT CHECK PETROL

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે પેટ્રોલ તથા ડીઝલની કિંમતમાં વધારો કરવાનો આદેશ કર્યો હોવાના સોશિયલ મીડિયા પર પ્રસારિત થતા સમાચારને સરકારે ખોટા ગણાવ્યા.

પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો – P.I.B.ના તથ્ય તપાસ એકમે સ્પષ્ટતા કરતા જણાવ્યું, સરકારે આવા કોઈ આદેશ આપ્યા નથી. સરકારે લોકોને સાચી માહિતી માટે સત્તાવાર સ્રોત પર વિશ્વાસ કરવા આગ્રહ કર્યો છે.

# RAILWAY BITTU

કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી રવનીત સિંઘ બિટ્ટુએ પૂર્વ સમર્પિત ભારતીય રેલ્વેની મહત્વની માળખાકીય સુવિધા - ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પર 24 કલાક પેટ્રોલિંગ વધારવા અને ડ્રોનની મદદથી દેખરેખ વધારવાની વ્યાપક યોજનાની જાહેરાત કરી.

મંત્રી શ્રી એ પંજાબના પટિયાલા જિલ્લામાં શંભુ – રાજપુર રેલ્વે ફાટક પાસે ગઇકાલે રાત્રે થયેલા વિસ્ફોટ સ્થળની મુલાકાત લીધી તેમજ આ કોરિડોર પર સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરી. ત્યારબાદ પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું, રેલ્વે જેવી મહત્વની માળખાકીય સુવિધાઓને નિશાન બનાવી આ ક્ષેત્રને અસ્થિર કરવામાં બહારના કેટલાક તત્વોનો હસ્તક્ષેપ હોવાનો સંકેત મળ્યો છે.

શ્રી બિટ્ટુએ દુર્ઘટનાની અસરનો આભાસ થતાજ ટ્રેનને તરત રોકી દેનારા લોકોપાયલટની સતર્કતાની પ્રશંસા કરી.

# GOYAL CLIMATE

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે કહ્યું, ભારત આબોહવા પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવામાં વૈશ્વિક સ્તર પર સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા દેશોમાંથી એક છે. તેમણે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આબોહવા પરિવર્તન પરની કાર્યવાહી એક જરૂરિયાતમાંથી દેશ માટે આર્થિક રીતે સક્ષમ પ્રસ્તાવમાં વિકસી છે.

નવી દિલ્હીમાં વિકસિત ભારત 2047 આબોહવા બુદ્ધિમત્તાની સાથે સ્થિતિસ્થાપકતા વધારવાના વિષય પર યોજાયેલા સંવાદને સંબોધતાં શ્રી ગોયલે કહ્યું, આબોહવા સંકટની જરૂર તત્પરતા અને પરસ્પર ભાગીદારી સાથે સમાધાન સુનિશ્ચિત કરવા પ્રધાનમંત્રીએ વૈશ્વિક દક્ષિણના દેશોને એક કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ – I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે મુંબઈ ઇન્ડિયન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાતી મૅચમાં હાર્દિક પંડ્યાની આગેવાની હેઠળની મુંબઈની ટીમે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ, મુંબઈની ટીમે અત્યાર સુધીમાં 4 ઓવરમાં 0 વિકેટ ગુમાવી 44 રન કર્યા છે.

IPLના પૉઈન્ટ ટૅબલમાં હાલ પેટ કમિન્સની આગેવાની હેઠળની હૈદરાબાદની ટીમ ચોથા અને મુંબઈની ટીમ નવ-મા સ્થાને છે.

# NEW ZEALAND PM FTA

ન્યૂઝિલૅન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સને ભારત-ન્યૂઝિલૅન્ડ મુક્ત વેપાર કરાર – FTAને ઐતિહાસિક ગણાવ્યો અને ભારતીય બજારના વિશાળ કદ તથા ક્ષમતાનો ઉલ્લેખ કર્યો. સોશિયલ મીડિયા પર એક વીડિયો સંદેશમાં શ્રી લક્સને વિશ્વની સૌથી વધુ વસતિ ધરાવતા દેશ અને ઝડપથી વધતા ગ્રાહક અર્થતંત્ર તરીકે ભારતની પ્રશંસા કરી. તેમણે કહ્યું, અંદાજે દોઢ અબજની વસતિ અને વધતા વયસ્તરની સાથે ભારત ઉચ્ચ ગુણવત્તાવાળા સામાન અને સેવાની શોધમાં એક વિશાળ અને ઝડપથી સમૃદ્ધ થતું બજાર રજૂ કરે છે.

શ્રી લક્સને વધુમાં જણાવ્યું, ન્યૂઝિલૅન્ડ માટે આ ઘણું રસપ્રદ છે. કારણ કે, તેનાથી રોજગારની તકનું સર્જન થશે, વેતનમાં વૃદ્ધિ થશે અને ન્યૂઝિલૅન્ડના લોકોને વધુ તક મળશે.